# મારું હૃદય



વર્ષ-૬, અંક-૬૪, ૧૫ એપ્રિલ, ૨૦૧૫

CIMS®
Care Institute of Medical Sciences

Price ₹ 5/-

### કાર્ડિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |
| ડૉ. જયરામ પ્રજાપતિ | +૯૧-૮૨૩૮૬ ૪૪૨૨૨ |
| ડો. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. અનિશ ચંદ્રારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. મનન દેસાઈ | +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯ |
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

| | |
|---|---|
| ડૉ. શૌનક શાહ | +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨ |

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦ |

### કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |

## એન્ટી-પ્લેટલેટ દવાઓ

'એન્ટી-પ્લેટલેટ' એટલે કે એસ્પીરીન એ આ દાયકાની એક સારામાં સારી દવા છે કારણ તે હૃદયરોગ અને સ્ટ્રોક (લકવા) જેવા બે મોટા રોગને થતા અટકાવે છે અને જેને આ રોગ થયો હોય તેને રોગના નવા હુમલાથી બચાવે છે.

### કેવી રીતે કાર્ય કરે છે

એન્ટી-પ્લેટલેટ લોહીમાંના રક્તકણો(પ્લેટલેટ)ને એકબીજા સાથે જોડાતા અટકાવે છે, અને તે રીતે એ લોહીને ગંઠાવા દેતું નથી. એથી હૃદય અને મગજની ધમનીઓમાં લોહીના પ્રવાહમાં અવરોધ ઊભો થતો નથી, જે હૃદયરોગના હુમલા કે સ્ટ્રોક માટેનું મુખ્ય કારણ છે.

### ક્યારે વપરાય છે

એન્ટી-પ્લેટલેટ સામાન્ય રીતે 'હાઇ-રિસ્ક' દર્દીમાં હૃદયરોગને તેમજ સ્ટ્રોકને પ્રાથમિક સ્વરૂપે અટકાવવા માટે વાપરવામાં આવે છે. એ જ રીતે હૃદયરોગ કે સ્ટ્રોક આવી ગયા પછી પણ દર્દીને નવા ઍટેક ન આવે તે માટે આ દવા આપવામાં આવે છે.



રોજની એક એસ્પિરિન ગોળી કાર્ડિયોલૉજિસ્ટને દૂર રાખે!



પ્લેટલેટ્સ

### દવાની આડઅસરો

સામાન્ય રીતે એન્ટી-પ્લેટલેટની કોઈ મોટી આડઅસર થતી નથી. એન્ટી-પ્લેટલેટ લેતા દર્દીમાં જોવા મળતી આડઅસરોમાં પેટમાં ગરબડ/બળતરા, પેટમાં દુખાવો, ઊલટી, કાળો ઝાડો આવવો વગેરે ગણાવી શકાય.

આ સિવાય કોઈ કોઈ દર્દીમાં કાનમાં ઘંટડી વાગવી, શ્વાસની તકલીફ, ચામડીમાં એલર્જી વગેરે જેવી તકલીફ પણ થઈ શકે.

એસ્પિરિન સૌથી જૂની, જાણીતી અને ખૂબ પ્રચલિત દવા છે. તેના ખૂબ જ ફાયદા છે અને હૃદયરોગના મોટાભાગના દરેક દર્દી તે લે છે.

'ક્લોપીડોગ્રેલ', પ્રાસુગ્રેલ, ટીકાગ્રેલોર વગેરે નામની બીજી દવા ખાસ કરીને એન્જિયોપ્લાસ્ટીના દર્દી તથા એન્જાયના અને હાર્ટ ઍટેકના દર્દીને આપવામાં આવે છે, જે સફળતાપૂર્વક લોહીને પાતળું રાખી શકે છે.

# થ્રોમ્બોલિટિક્સ

## થ્રોમ્બોલિટિક્સ એટલે શું?

રક્ત એક અદ્‌ભુત તત્ત્વ છે. શરીરની અંદર રક્ત સામાન્ય રીતે પ્રવાહી સ્વરૂપે રહેતો પદાર્થ છે. શરીરની બહાર રક્ત જામી જાય છે અને સખત બની જાય છે. કોઈક વાર, આ જામી જવાની પ્રક્રિયામાં ખરાબી સર્જાય છે અને આ ક્રિયા રક્તવાહિનીની અંદર (જ્યાં તે ના બનવું જોઈએ ત્યાં) બને છે.

થ્રોમ્બોલિટિક્સ લોહી જામી જવાથી સરજાતા ગઠ્ઠાઓને પિગાળનારું તત્ત્વ છે.

## ડૉક્ટર થ્રોમ્બોલિટિક્સ ક્યારે વાપરે છે?

કેટલીક વાર, વિવિધ કારણોસર, રક્તવાહિનીઓની અંદર લોહી જામી જાય છે. આવા ગઠ્ઠા (clots) જો ધમનીઓમાં સર્જાય તો ઑક્સિજનનું સંપૂર્ણ પરિવહન બંધ થઈ શકે અને હૃદયનો હુમલો (હાર્ટ ઍટેક) આવી શકે. થ્રોમ્બોલિટિક દવાઓનો ઉપયોગ રક્તના ગઠ્ઠાઓને પિગાળવા અને રક્તવાહિનીઓમાં રક્તના વહનને સામાન્ય કરવા માટે થાય છે. થ્રોમ્બાલિટિક્સ હૃદયહુમલાના દર્દી માટે વપરાતી દવાઓમાં શ્રેષ્ઠ દવા છે. રક્તધમનીઓની અંદરના રક્તના ગઠ્ઠાનો નાશ થતાં હૃદયના સ્નાયુઓને ઑક્સિજનનો પુરવઠો પૂર્વવત મળવા માંડે છે અને તેને નુકસાન થવાની સંભાવના ઘટે છે. હૃદયરોગ સિવાય ડૉક્ટરો થ્રોમ્બોલિટિક્સનો ઉપયોગ બીજા અનેક પ્રકારના હુમલાઓની સારવાર માટે કરે છે. જેમનાં ફેફસાંમાં મોટા લોહીના ગઠ્ઠા જામી ગયા હોય એવા દર્દીઓ માટે પણ એ વપરાય છે. આ પરિસ્થિતિ ડીપ વેઇન થ્રોમ્બોસિસ (Deep vein thrombosis)ને નામે ઓળખાય છે. તે ખૂબ જ હાનિકારક બની શકે છે. જ્યારે લોહીના ગઠ્ઠાનો ભાગ તૂટી જાય અને તે હૃદય તથા ફેફસાં સુધી પહોંચે અને ત્યાંની નાની ધમનીઓને બંધ કરી દે તો જાનનું જોખમ સર્જાય.

## જોખમો ક્યાં છે?

થ્રોમ્બાલિટિક્સ ટૂંક સમય માટે, હંગામી ધોરણે પણ ખૂબ જ તીવ્ર ગતિએ રક્તની ગંઠાઈ જવાની શક્તિ રોકી લે છે. તેથી જો કોઈ કારણસર રક્તસ્રાવ થાય (દાખલા તરીકે કાપામાંથી, ચેકામાંથી અથવા નાકમાંથી) તો તેને રોકવો મુશ્કેલ બને. સામાન્ય રીતે જલદીથી રોકી શકાય એવા સામાન્ય લોહીના સ્રાવ જટિલ સમસ્યા સરજી શકે.

થ્રોમ્બોલિટિક્સ લેતા દર્દીઓને ક્વચિત્ મગજમાં લોહીનો સ્રાવ થઈ લકવાનો હુમલો થઈ શકે. એકંદરે જોખમની સરખામણીમાં ફાયદાનું પ્રમાણ ખૂબ જ વધુ હોવાથી આ દવા છેલ્લાં ૨૦ વર્ષથી હજુ પણ હાર્ટ ઍટેક વખતે વપરાય છે (ખાસ તો જો એન્જિયોપ્લાસ્ટી ન કરવાના હોઈએ ત્યારે).





ધમનીની અંદર લોહીની ગાંઠ

## ફાયદા

હાર્ટ ઍટેક નિવારવા માટે સૌથી ઉત્તમ દવાઓમાંની એ એક છે. ૫૦-૬૦ ટકા લોકોમાં એ બંધ થયેલી નળી ખોલી શકે છે. જો તે હાર્ટ ઍટેકના પહેલા એક કલાકમાં આપવામાં આવે તો ખૂબ અસરકારક નીવડે છે અને હૃદયનું નુકસાન નિવારે છે. આ દવા નસ દ્વારા એક કલાક ઉપર આપવામાં આવે છે અને સ્ટ્રેપ્ટોકાઇનેઝ અથવા યુરોકાઇનેઝના નામથી બજારમાં મળે છે.

**સૌજન્ય** ‘હૃદયની વાત દિલથી’ – લેખક : ડૉ. કેયૂર પરીખ

## જોડીયા બાળકો હોય તેવી ગર્ભાવસ્થામાં કાર્ડિયાક સર્જરીનો દુર્લભ કિસ્સો

એક યુવાન મહિલા જોડિયા બાળકોને જન્મ આપવાની હતી અને તેની આ પ્રથમ ગર્ભાવસ્થા હતી તેથી આખો પરિવાર ખુશ હતો. પરંતુ તેને અચાનક તાવ આવ્યો અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી ત્યારે જાણવા મળ્યું કે તેના હૃદયમાં (વીએસડી) અને મુખ્ય ધમનીમાં કાણું છે જેના કારણે લોહી લિક થઇને હૃદયની આરટી ચેમ્બર (આરએસઓવી)માં પ્રવેશતું હતું.



કાર્ડિયોલોજિસ્ટની સલાહ લીધા બાદ પાંચમા મહિને સેમી-અર્જન્ટ, ઉચ્ચ જોખમની સર્જરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સીમ્સ હોસ્પિટલના પિડિયાટ્રીક કાર્ડિયાક સર્જન, કાર્ડિયાક એનેસ્થેસિયોલોજિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ, પરફ્યુઝનિસ્ટની એક ટીમ અને નર્સિંગ સ્ટાફની મદદથી આ ઓપરેશન સફળ બનાવવામાં આવ્યું હતું.

માતા અને બાળક પર આધુનિક રીતે દેખરેખ રાખવામાં આવી હતી, માતાનું હેમોડાયનેમિક મોનિટરિંગ, સર્જિકલ કુશળતા અને ઓપરેશન બાદ સારામાં સારી કાળજી રાખવાના કારણે આ સફળતા મળી હતી.

માતા અને બાળક બંનેની તબિયત સારી છે.

CIMS

સીમ્સ હોસ્પિટલ હવે રજુ કરે છે

# CIMS WOMEN

## સ્ત્રીઓના જીવનના દરેક તબક્કે સંપૂર્ણ સારવાર

### આ અવસર નિમિત્તે સીમ્સ રજુ કરે છે આપના માટે વિશેષ ડિસ્કાઉન્ટ પેકેજ

### વિશેષ ડિસ્કાઉન્ટ કુપન

| | |
|---|---|
| કન્સલટેશન | ~~₹ ૬૦૦~~ ₹ ૩૦૦ |
| પેપસ્મીઅર | ૨૦ % ડિસ્કાઉન્ટ |
| મેમોગ્રાફી | ૨૦ % ડિસ્કાઉન્ટ |
| સોનોગ્રાફી | ૨૦ % ડિસ્કાઉન્ટ |

ડિસ્કાઉન્ટ માટે આ કુપન સાથે લાવવી આવશ્યક છે.
જુલાઈ ૩૧, ૨૦૧૫ સુધી જ માન્ય

તમે જ્યારે સીમ્સ હોસ્પિટલમાં ઓપીડી માટે આવો ત્યારે
સ્ત્રીઓ માટેના સ્પેશિયલ (વિશેષ) હેલ્થ ચેકઅપનો લાભ લો

સીમ્સ Women નિષ્ણાંત અને અનુભવી ડોક્ટરોથી સુસજ્જ છે
તે ઉપરાંત અહીં અત્યાધુનિક સાધનો વડે નિદાન અને સારવાર થાય છે

### સીમ્સ હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ

- ગર્ભાવસ્થા અને પ્રસૂતિની સંભાળ અને સારવાર, જોખમી પ્રસૂતિ
- વંધ્યત્વની તપાસ અને સારવાર
- મેનોરેજિયા ક્લિનિક (વધુ પડતા માસિક સ્ત્રાવની તપાસ અને સારવાર)
- સફેદ પાણીની તકલીફ
- મેનોપોઝની તપાસ, સલાહ અને સારવાર
- યુરીન લીકેજની તકલીફ
- વિવિધ પ્રકારના કેન્સર માટે સ્ક્રીનિંગ અને સારવારની સુવિધા
- ગર્ભનિરોધ અને ફેમિલી પ્લાનિંગ
- તરૂણાવસ્થાનું માર્ગદર્શન
- દૂરબીન વડે થતી લેપ્રોસ્કોપીક અને હિસ્ટ્રોસ્કોપીક સર્જરી
- દરેક પ્રકારની ગાયનેક સર્જરી
- ગર્ભાવસ્થા દરમ્યાન (ફિટલ) સોનોગ્રાફી અને ખોડખાંપણની તપાસ અને સારવાર
- ગર્ભાશયના મુખની કેન્સર પ્રતિરોધક રસી

CIMS® Care Institute of Medical Sciences At CIMS... we care

NABH ACCREDITED NABL

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦

CIMS

## લેપ્રોસ્કોપીક, હર્નિયા અને ઓબેસીટી (બેરીયાટ્રીક) સર્જરી જાગરૂક્તા મહિનો*



### મેદસ્વીપણુ (ઓબેસીટી)

શું તમે જાણો છો ?

- ઓબેસીટી (મેદસ્વીપણા)થી અનેક પ્રકારના રોગો થતા હોય છે અને તે વ્યંધત્વનું કારણ બની શકે છે ?
- ઓબેસીટી સર્જરીથી ડાયાબિટીસ, હૃદયરોગ, બીપી, સાંધાના દુ:ખાવા જેવા રોગો પણ મટી શકે છે ?

### લેપ્રોસ્કોપીક હર્નિયા

- ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક હર્નિયા સર્જરીથી ઓછો દુ:ખાવો તથા ઝડપી રીકવરી આવે છે.
- લેપ્રોસ્કોપીક સર્જરીથી જાળીના ઇન્ફેક્શન (ચેપ)નું પ્રમાણ ઘટે છે.
- ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક સર્જરીથી કામ પર તથા તમારી સામાન્ય જિંદગીમાં ઝડપથી પાછુ ફરી શકાય છે




*ફક્ત મે, ૨૦૧૫ મહિના માટે જ

- નિ:શુલ્ક કન્સલટેશન તથા વજન ઉતારવા માટેની સલાહ (ફક્ત મે મહિના માટે)
- લેપ્રોસ્કોપીક હર્નિયા અને બેરીયાટ્રીક સર્જરી માટે વિશેષ પેકેજ (ફક્ત મે મહિના માટે)

**એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી (સવારે ૯ થી સાંજે ૬ કલાક સુધી)**

**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

# (નબળા હૃદયના) હાર્ટ ફેઈલરની અદ્યતન સારવાર

**હાર્ટ ફેઇલર શું છે?**

હાર્ટ ફેઇલર એ મોટા પ્રમાણમાં જોવા મળતી લાંબા સમયની એક સ્થિતિ છે જે હૃદયના સ્નાયુઓ નબળા પડે અને શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહીનો પૂરવઠો પહોંચાડવા માટે લોહીને પંપ કરવા સક્ષમ ન રહે ત્યારે સર્જાય છે. હાર્ટ ફેઇલર સમય વીતવાની સાથે વધારે કથળતું જાય છે અને સતત ઊંચા બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, વાલ્વની બીમારી કે હૃદય રોગના અન્ય સ્વરૂપો અથવા જન્મજાત ખામીના કારણે પેદા થાય છે. તેની સારવાર કરવામાં ન આવે તો પૂરતા પ્રમાણમાં લોહીનો પૂરવઠો ન મળવાના કારણે અંગો ધીમે ધીમે ફેઇલ થાય છે, તેના કારણે અનેક પ્રકારની તબીબી સમસ્યાઓ પેદા થાય છે જેનાથી વ્યક્તિના જીવનની ગુણવત્તાને અસર થાય છે અને ઘણી વખત મૃત્યુ પણ નીપજે છે.




તમને અથવા તમે જાણતા હોવ તેવી કોઇ વ્યક્તિને હાર્ટ ફેઇલર હોય, જેને કન્જેસ્ટિવ હાર્ટ ફેઇલર પણ કહેવાય છે, તો તમે એકલા નથી. અમેરિકન હાર્ટ એસોસિયેશન મુજબ ૫૦ લાખથી વધારે અમેરિકનો હાર્ટ ફેઇલરની તકલીફ સાથે જીવી રહ્યા છે, જેમાં દર વર્ષે ૬૭૦,૦૦૦ નવા કેસ નોંધાય છે.*ભારતમાં આનાથી અનેક ગણા વધારે દર્દીઓ છે.

હાર્ટ ફેઇલર ધરાવતા લોકોને ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને થાક લાગે છે. વર્ષો સુધી બ્લોક થયેલી ધમનીઓ અથવા ઉચ્ચ બ્લડ પ્રેશર સાથે જીવવાથી તમારું હૃદય નબળું પડી જાય છે જેથી તમારા શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહી પંપ કરી શકતું નથી. તેના લક્ષણો જેમ જેમ કથળતા જાય તેમ તેમ એડવાન્સ્ડ હાર્ટ ફેઇલર આગળ વધતું જાય છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઇલર એ ગંભીર સ્થિતિ છે. તમે કદાચ કથળતા લક્ષણોમાં રાહત મેળવવાના ઉપાયો શોધી શકશો, જેમ કે સક્રિયતા ઘટાડી દેવી, ઓછું પ્રવાહી પીવું અને ઓશિકું રાખીને સુઇ જવું વગેરે, પરંતુ તમારા જીવનના દૈનિક આનંદને અસર થશે. એડવાન્સ્ડ હાર્ટ ફેઇલર પર નિયંત્રણ મેળવવું એ જ યોગ્ય ઉપાય છે. તમારે તમારા ડોકટરની ભલામણોને અનુસરવી પડશે અને તંદુરસ્ત જીવન માટે જીવનશૈલીમાં કેટલાક આવશ્યક સુધારા કરવા પડશે.

**VAD થેરેપી વિશે**

મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ દ્વારા આશાનો સંચાર કરવો

મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (એમસીએસ)માં વેન્ટિક્યુલર આસિસ્ટ ડિવાઇસિસ (VAD) તરીકે ઓળખાતા લોહીના પમ્પનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે. તે શરીરમાં લોહી પમ્પ કરવામાં હૃદયને મદદ કરે છે. તે હૃદયને બદલી નાખતું નથી. આ ઉપકરણ બેસાડવા માટે દર્દીએ સર્જરી કરાવવી પડે છે.

હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓને ડોનરનું હૃદય મળે ત્યાં સુધી VAD તેમને જીવીત રહેવામાં મદદ કરી શકે છે. તેને બ્રિજ-ટુ-ટ્રાન્સપ્લાન્ટેશન તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરના દર્દીઓ અન્ય બીમારીના કારણે અથવા તેમની વયના કારણે ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકતા નથી.

આવા દર્દીઓને લાંબા ગાળાના ફછહ્ઠ સપોર્ટથી ફાયદો થઇ શકે છે. તેને "ડેસ્ટિનેશન થેરેપી" કહે છે. ઘણી વખત VADની સાથે દર્દીનું હૃદય સુધરતું જાય છે. આવું એટલા માટે થાય છે કારણ કે પંપ તેમના હૃદયને આરામ કરવાની તક આપે છે.

**LVAD શું છે?**

LVADનું આખું નામ લેફ્ટ વેન્ટ્રીક્યુલર આસિસ્ટ ડિવાઇસ છે. તે એક યાંત્રિક ઉપકરણ છે. હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં લોહી પહોંચાડી ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને "હાર્ટ પંપ" અથવા "VAD" તરીકે પણ ઓળખવામાં આવે છે. હાર્ટમેટ II એ ટ્યુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઇ શકે તેવું LVAD છે જે તબીબી ટેકનોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાં ઝડપભેર આ પ્રકારનું સૌથી વધુ વપરાતુ ઉપકરણ બની ગયું છે, અને હવે તે ભારતમાં પણ ઉપલબ્ધ થઈ ગયું છે, અને CIMS Hospital માં પણ ઉપલબ્ધ છે. અહીના ડોકટરો એના માટે Training લઈ ચૂકયા છે.



**હાર્ટમેટ II કઇ રીતે કામ કરે છે?**

હાર્ટમેટ II ને એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે જેથી તે દર્દીના ડાબા ક્ષેપક (વેન્ટ્રીકલ)ના પમ્પિંગની કામગીરી સંભાળી લે છે. આ ઉપકરણને પેટમાં ઉદરપટલની (ડાયાફ્રેગમ) બિલકુલ નીચે બેસાડવામાં આવે છે. તેને ડાબા ક્ષેપક (વેન્ટ્રીકલ) અને મહાધમની (એઓર્ટા) સાથે જોડવામાં આવે છે જે મુખ્ય ધમની છે જે ડાબા ક્ષેપક

(વેન્ટ્રીકલ)માંથી સમગ્ર શરીરમાં ઓક્સિજનયુક્ત લોહી પહોંચાડે છે. એક બાહ્ય ડ્રાઇવલાઇન દ્વારા એક બાહ્ય પહેરી શકાય તેવી સિસ્ટમને જોડવામાં આવે છે જેમાં નાના કન્ટ્રોલર અને બે બેટરીનો સમાવેશ થાય છે. પહેરી શકાય તેવી સિસ્ટમને કપડાની નીચે અથવા ઉપર પહેરવામાં આવે છે.



**હાર્ટ ફેઇલરના દર્દીને હાર્ટમેટ II કઇ રીતે મદદ કરી શકે?**

હાર્ટમેટ II એવી રીતે ડિઝાઇન કરવામાં આવેલ છે જેથી સમગ્ર શરીરમાં લોહીનો પ્રવાહ જાળવી રાખે છે. તેનાથી દર્દી વધારે સરળતાથી શ્વાસ લઇ શકે છે અને ઓછો થાક લાગે છે. LVAD લગાવતા પહેલા દર્દીના અંગોને જે લોહીનો પૂરવઠો મળતો હતો તેના કરતા હવે વધુ પૂરવઠો મળશે અને તેનાથી અંગોની કામગીરીમાં સુધારો થશે. LVAD લગાવ્યા પછી દર્દી સામાન્ય રીતે વધારે ઉર્જા અનુભવે છે અને સામાન્ય પ્રવૃત્તિ સરળતાથી કરી શકે છે જે તે આ ઉપકરણ વગર અગાઉ કરી શકતો ન હતો.

**હાર્ટમેટ IIની મદદથી દર્દી કેટલો સક્રિય રહી શકે?**

આ ઉપકરણ લગાવતા પહેલા દર્દીઓ હાર્ટ ફેઇલરના ગંભીર તબક્કામાં હોય છે તેથી તેમની ક્ષમતા ઘણી ઘટી ગઇ હોય છે અને બહુ મર્યાદિત પ્રવૃત્તિ કરી શકતા હોય છે. હાર્ટમેટ II લગાવ્યા પછી મોટા ભાગના દર્દીઓ તેમની મનપસંદ દૈનિક પ્રવૃત્તિઓ ફરીથી કરી શકે છે.

તેમાં પ્રાથમિક મર્યાદા માત્ર પાણીમાં ઉતરવાને લગતી હોય છે. મોટા ભાગના દર્દીઓ તેમના કામ પર પરત જઇ શકે છે અને પોતાના શોખ પૂરા કરી શકે છે જે તેઓ ઘણા વર્ષોથી કરી શક્યા હોતા નથી.

**એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરના દર્દીઓ માટે હાર્ટમેટ II સારવારનો સારો વિકલ્પ છે?**

હા. હાર્ટમેટ II ને એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરના કિસ્સામાં સ્ટાન્ડર્ડ સારવાર ગણવામાં આવે છે. અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે LVAD દ્વારા સારવાર કરવામાં આવેલા એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરના દર્દીઓ વધારે લાંબુ જીવી શકે છે અને માત્ર દવાની થેરેપી પર આધારિત દર્દીઓની સરખામણીમાં તેમના જીવનની ગુણવત્તા ઘણી સારી હોય છે. એક અંદાજ પ્રમાણે યુએસમાં આશરે ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરના દર્દીઓ છે જેમને LVADથી ફાયદો થઇ શકે છે.

**તેની બેટરી કેટલો સમય ચાલે છે?**

LVAD માટે વપરાતી નવી પેઢીની બેટરી ૧૪ કલાક સુધી ચાલે છે ત્યાર બાદ તેને રિચાર્જ કરવાની જરૂર પડે છે. એવી ચાર બેટરી Kit માં આપવામાં આવે છે.

**હાર્ટમેટ II કોણ મેળવી શકે?**

એડવાન્સ્ડ હાર્ટ ફેઇલરનો ભોગ બનેલા દર્દીઓ અને જેમની પાસે તબીબી થેરેપીની તમામ મર્યાદા ખતમ થઇ ગઇ હોય તેઓ હાર્ટમેટ II વાપરી શકે છે. આ ઉપકરણ દર્દીના હૃદયને આરામ કરવાની તક આપે છે અને પમ્પિંગનું કામ પોતાના હાથમાં લઇ લે છે તેથી એવું જોવા મળ્યું છે કે LVAD દર્દીના નબળા હૃદયને પોતાની કેટલીક કામગીરી ફરી મેળવવાની તક આપે છે. પોતે LVAD થેરેપી માટે યોગ્ય ઉમેદવાર છે કે નહીં તે જાણવા માટે દર્દીઓએ પોતાના ડોક્ટરની સલાહ લેવી જોઇએ.

**હાર્ટમેટ II બેસાડ્યું હોય તેવી વ્યક્તિના ધબકારા હોય છે?**

હાર્ટમેટ II બેસાડ્યું હોય તેવા દર્દીના ધબકારા સામાન્ય રીતે ઘટી જાય છે. તેનું કારણ એ છે કે હાર્ટમેટ II હૃદયના ધબકારા સાથે લોહીને સતત હૃદયમાંથી શરીરના ભાગો સુધી પહોંચાડે છે. LVAD હૃદયને કેટલી સહાય કરે છે તેના પર દર્દીના ધબકારાની શક્તિનો આધાર રહેશે.

**LVAD કેટલા મોટા હોય છે?**

LVAD વિવિધ કદમાં આવે છે, પરંતુ હાર્ટમેટ II – એફડીએ દ્વારા મંજૂર કરાયેલા તમામ LVADમાં સૌથી નાનું છે. તે લગભગ ૩ ઈંચની લંબાઇ ધરાવે છે અને આશરે ૧૦ ઔંસ વજન ધરાવે છે.

**હું LVAD ક્યાંથી મેળવી શકું?**

વિશ્વભરમાં ૨૦૦થી વધારે કેન્દ્રો પર હાર્ટમેટ II ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. હવે CIMS હોસ્પિટલ ઇમ્પ્લાન્ટેશન માટે પ્રમાણિત છે.

**ડૉ. ધીરેન શાહ, ડૉ. મિલન ચગ અને ડૉ. નિરેન ભાવસારને આ પ્રોસિજર માટે માન્યતા તથા સર્ટીફીકેટ મળેલ છે.**

**સીમ્સ કાર્ડિયાક સર્જરી ટીમ**

| | | |
|---|---|---|
| ડૉ. ધવલ નાઇક | ડૉ. મનન દેસાઇ | ડૉ. ધીરેન શાહ |
| +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ | +૯૧-૯૬૩૮૫ ૯૬૬૬૯ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |

**સીમ્સ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ ટીમ**

| | | |
|---|---|---|
| ડૉ. હિરેન ધોલકીયા | ડૉ. ચિંતન શેઠ | ડૉ. નિરેન ભાવસાર |
| +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |

# ભારતમાં સૌપ્રથમ વાર વગર ઓપરેશને હૃદયમાં નવા વાલ્વનું પ્રત્યારોપણ

સીમ્સ હોસ્પિટલ (CIMS), અમદાવાદ ખાતે, ભારતમાં સૌપ્રથમ વખત, વગર ઓપરેશને નવા વાલ્વનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

આ પદ્ધતિથી સારવાર (Trans-Aortic TAVR) ભારતમાં સૌપ્રથમ વખત સફળતાપૂર્વક સીમ્સ હોસ્પિટલમાં ડૉ. ધીરેન શાહ (કાર્ડિયાક સર્જન), ડૉ. મિલન ચગ (કાર્ડિયોલોજીસ્ટ) અને ડૉ. હીરેન ધોળકીયા – ડૉ. ચિંતન શેઠ (કાર્ડીયાક એનેસ્થેટીસ્ટ)ની ટીમે કરેલ છે. યુરોપનાં ઘણાં દેશમાં અંદાજે ૩૦ થી ૪૦ % દર્દીઓમાં સાંકળો થયેલ એઓર્ટીક વાલ્વ TAVR પદ્ધતિથી ઓપન હાર્ટ સર્જરી વગર બદલાવવામાં આવે છે.

૮૧ વર્ષની ઉંમરનાં એક વયસ્કનો હૃદયનો સૌથી મહત્વનો ડાબી બાજુનો વાલ્વ (Aortic Valve) ઉંમર અને કેલ્શીયમની જમાવટના કારણે અતિશય સાંકળો થઈ ગયેલ. તેનાં કારણે તેના હૃદયની કાર્યક્ષમતા ઘટીને ૨૫% થઈ ગયેલ. ફેફસા અને કીડનીનાં કાર્ય પણ નબળા પડી ગયેલ અને દર્દીને સામાન્ય જીવન જીવવામાં પણ શ્વાસની ખુબ જ તકલીફ હતી.

આ પ્રકારની વાલ્વની તકલીફમાં દર્દીનો વાલ્વ બદલાવવો એ એક માત્ર વિકલ્પ રહે છે. જેના માટે ઓપન હાર્ટ સર્જરીની જરૂર પડતી હોય છે.

પરંતુ, આ દર્દીમાં નબળા હૃદય, ફેફસા, કીડની અને વધુ ઉંમરનાં કારણે ઓપન હાર્ટ સર્જરીનુ જોખમ ખુબ જ વધારે હતું. તેનાં વિકલ્પ તરીકે



યુરોપમાં શોધાયેલ નવી પદ્ધતિ કે જેમાં વગર ઓપરેશને નવા વાલ્વનું શરીરમાં પ્રત્યારોપણ કરવાની પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવેલ જેને TAVR (ટ્રાન્સ કેથેટર એઓર્ટીક વાલ્વ રીપ્લેસમેન્ટ) કહેવામાં આવે છે. તેમાં, વગર ઓપરશને, એન્જીયોપ્લાસ્ટી જેવી પદ્ધતિથી શરીરની રક્તવાહીની મારફતે કેથેટર દ્વારા શરીરમાં વાલ્વ દાખલ કરાય છે અને ખરાબ થયેલ વાલ્વની જગ્યાએ તેનું પ્રત્યારોપણ કરવામાં આવે છે. આ દર્દીની બધી રક્તવાહિનીઓ પણ કેલ્શીયમની જમાવટથી સાંકળી થઈ ગઈ હોવાથી ભારતમાં સૌપ્રથમ વખત Trans-Aortic route થી TAVR કરવામાં આવેલ.

આમ, આ પદ્ધતિનો મોટો ફાયદો એ છે કે અતિ જોખમી દર્દીની સારવાર પણ ઓપન હાર્ટ સર્જરી વગર ઓછા જોખમથી કરી શકાય છે. સામાન્ય રીતે આ રોગ મોટી ઉંમરે થતો હોય છે અને આવા દર્દીમાં હૃદય ઉપરાંત શરીરનાં બીજા અવયવો પણ નબળા હોવાથી ઓપન હાર્ટ સર્જરીનું જોખમ ખુબ જ વધી જતું હોય છે. ત્યારે આ નવી પદ્ધતિ TAVR આશીર્વાદ સમાન સાબીત થઈ શકે છે.

ફરી એકવાર અમે
રાજસ્થાન રોયલ (આઇપીએલ ટીમના)
ઓફીસીયલ મેડીકલ પાર્ટનર
હોવાનો ગર્વ અનુભવીએ છીએ
CIMS®
Care Institute of Medical Sciences
RAJASTHAN ROYALS
www.rajasthanroyals.com/partners.aspx
#CIMSHospital #RajasthanRoyals #AlwaysARoyal #IPL2015 #IPL8

## સીમ્સ ખાતે રેડિયોથેરેપી માટે એફએફએફ (ફ્લેટનિંગ ફિલ્ટર -ફ્રી)

સીમ્સ કેન્સર સેન્ટરે રેડિયોથેરેપીમાં તાજેતરમાં બહુ મોટી સિદ્ધિ હાંસલ કરી છે જેમાં ક્લિનિકલ ઉપયોગ માટે એફએફએફ (ફ્લેટનિંગ ફિલ્ટર-ફ્રી)નો ઉપયોગ કરવા એઇઆરબીની મંજૂરી મેળવવામાં આવી છે. લાઇનિયર એક્સિલરેટરમાંથી ફ્લેટનિંગ ફિલ્ટર દૂર કરીને ફ્લેટ બીમની ફિઝિયોલોજિક પ્રોપર્ટીના કારણે વધારે મોટો ડોઝ રેટ મેળવી શકાય છે. એસઆરએસ (સ્ટીરિયોટેક્ટિક રેડિયો સર્જરી) એસઆરટી (સ્ટીરિયોટેક્ટિક રેડિયો થેરેપી) અને એસબીઆરટી (ફેફસા અને પ્રોસ્ટેટ માટે સ્ટીરિયોટેક્ટિક બોડી રેડિયેશન થેરેપી) જેવી આધુનિક સારવારનો ઉપયોગ અત્યાધુનિક પ્લાનિંગ સિસ્ટમ સાથે કરી શકાય છે અને તેનાથી નોન-ફ્લેટ, હાઇ ડોઝ રેટ બીમને મોડ્યુલેટ કરી શકાય છે જેનાથી સારવારના સમયમાં ઘટાડા સાથે ઉચ્ચ પ્રમાણમાં સુનિશ્ચિત ડોઝ મેળવી શકાય છે.

CIMS

# સીમ્સ ટીમ અને અમારા પર વિશ્વાસ રાખનારા અમારા દર્દીઓનો ખુબ આભાર



**Trendsetter Award In Customer Service Excellence Across India**

**Best Multispeciality Hospital Ahmedabad**

સીમ્સ હોસ્પિટલને ધ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા હેલ્થકેર અચિવર્સ એવોર્ડ ૨૦૧૪, દિલ્હી ખાતે ૨ એવોર્ડ પ્રાપ્ત થયા છે (એક જ હોસ્પિટલ જેને આ સિધ્ધિ હાંસલ કરી છે)

CIMS

# રિનલ (કિડની) ટ્રાન્સપ્લાન્ટ હવેથી સીમ્સ હોસ્પિટલમાં

**વિશ્વની અત્યાધુનિક ટેકનોલોજીની સુવિધા સાથે**

૧૦૦૦ કરતા વધારે કેસોનો અનુભવ ધરાવતી અત્યંત કુશળ રિનલ ટ્રાન્સપ્લાન્ટ ટીમ




CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

**એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧–૭૯–૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

## સીમ્સ હોસ્પિટલ નિમ્નલિખિત ડોક્ટરોનું ટીમની ટીમમાં સ્વાગત કરે છે

### ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ (હૃદયરોગના નિષ્ણાંત)

**ડૉ. જયરામ બી. પ્રજાપતિ**
ડીએનબી (મેડીસીન), ડીએનબી (કાર્ડિયોલોજી)
(મો) +૯૧-૮૨૩૮૬ ૪૪૨૨૨

### ઇન્ટરવેન્શનલ પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ (બાળ હૃદયરોગના નિષ્ણાંત)

**ડૉ. દિવ્યેશ સાદડીવાળા**
એમડી (પીડિયાટ્રીક્સ), એફપીસી
(મો) +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦

### કન્સલટન્ટ પીડિયાટ્રીશીયન અને નિયોનેટોલોજીસ્ટ

**ડૉ. સ્નેહલ એચ. પટેલ**
એમબીબીએસ, ડીએનબી (પીડિયાટ્રીક્સ)
(મો) +૯૧-૯૯૯૮૧ ૪૯૭૯૪

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2013-2015 issued by SSP Ahmedabad valid upto 31st December, 2015
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2014 valid upto 31st December, 2015

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-75 (5 lines)

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

CIMS

# સીમ્સ લાયન્સ કાર્ડિયાક સેન્ટર
# હવેથી લાયન્સ જનરલ હોસ્પિટલ, મહેસાણામાં

## ઉત્તર ગુજરાતના દર્દીઓ માટે ખાસ સુવિધા

**સોમવારથી શનિવાર**
**સવારે ૯ થી સાંજે ૬ કલાક સુધી**

### ડૉ. જયરામ બી. પ્રજાપતિ

DNB (Medicine), DNB (Cardiology)
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**
મોબાઇલ : +૯૧-૮૨૩૮૬ ૪૪૨૨૨
ઇમેઇલ : jayaram.prajapati@cimshospital.org

**દર ગુરૂવારે**
**સવારે ૧૧ થી સાંજે ૬ કલાક સુધી**

### ડૉ. વિનીત સાંખલા

MD, DM - Cardiology (CMC Vellore), FESC, FISE
Fellow - Mayo Clinic, Rochester, USA
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ અને**
**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**
મોબાઇલ : +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬
ઇમેઇલ : vineet.sankhla@cimshospital.org
www.drvineetsankhla.com

### ઉપલબ્ધ સુવિધાઓ

- કાર્ડિયાક કન્સલટેશન
- ઇકોકાર્ડિયોગ્રાફી
- ટી.એમ.ટી. અને ઇ.સી.જી.
- એન્જિયોગ્રાફી
- એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ્સ
- પેસમેકર ઇમ્પ્લાન્ટેશન

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો**
**ફોન : +૯૧-૯૮૨૪૯ ૬૬૮૮૧**

**સીમ્સ લાયન્સ કાર્ડિયાક સેન્ટર, લાયન્સ જનરલ હોસ્પિટલ, જેલ રોડ, મહેસાણા-૩૮૪૦૦૨**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ,
ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.